# દિલ્હીમાં પુનઃ ચૂંટણી લડવા તૈયાર : ભાજપ

નવી દિલ્હી,તા. ૧૦

દિલ્હીમાં અનિશ્ચિતતાની સ્થિતિ વચ્ચે ભાજપે આજે કહ્યુ હતુકે તે દિલ્હીમાં ફરીથી ચૂંટણી લડવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ભાજપે કહ્યુ હતુ કે તેમની પાસે સરકારની રચના કરવા માટે પૂરતી સંખ્યામાં સભ્યો નથી જેથી ફરીથી ચૂંટણીનો સામનો કરવા માટે અમે તૈયારી છીએ. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર રહેલા હર્ષવર્ધન આજે ૩૧ ધારાસભ્યોની યોજાયેલી પ્રથમ બેઠકમાં વિધાનસભા પક્ષનાનેતા તરીકે ચૂંટાઈ આવ્યા હતા. દિલ્હી ભાજપની ઓફિસમાં શિરોમણી અકાલિદળના એક સભ્યએ પણ હાજરી આપી હતી. બેઠક બાદ વર્ધને માહિતી આપતા કહ્યુ હતુકે આ અમારા માટે ખૂબજ દુઃખદ સ્થિતિ છે. દિલ્હીના નિવાસીઓ અમને જોવા ઈચ્છુક છે પરંતુ ઘણી ટેકનિકલ જટિલતા ઉભી થઈ છે. સરકાર આ પ્રકારના તૂટેલા ચૂકાદાથી રચી શકાશે નહીં. અમારી પાસે સરકારની રચના કરવા પૂરતી સંખ્યામાં સભ્યો નથી. અમે ફરી ચૂંટણી લડવા માટે તૈયાર છીએ. તેમણે એમ પણકહ્યુ હતુ કે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી છે. અમે સરકાર રચના ઉત્સુક પણ નથી અને પ્રયાસ પણ કરી રહ્યા નથી. અમે સરકાર રચીએ કે ન રચીએ લોકોની સેવા જારી રાખીશું. દિલ્હીના લોકોને વચન આપતા તેમણે કહ્યુ હતુકે તેઓ તેમના પ્રતિનિધિ તરીકે અમને ચૂંટી કાઢતા ખચકાટ અનુભવ કરશેનહીં. દિલ્હ ભાજપના પ્રમુખ વિજય ગોયલે પણ આ જ પ્રતિક્રિયા આપી હતી. કોઈ પણ ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ હોવાનો ભાજપે ઈન્કાર કર્યો છે. ગોયલે કહ્યુ હતુ કે ફેર ચૂંટણી યોજાયા બાદ ભાજપ સરકાર રચવા સક્ષમ રહેશે. ભાજપ વિપક્ષમાં બેસવા અને ચૂંટણીનો સામનો કરવા તૈયાર છે.



## જેપીસી, તેલંગાણા અને ભાવ વધારા મુદ્દે સંસદમાં હોબાળો

નવી દિલ્હી,તા. ૧૦

જેપીસી અને તેલંગાણાના મુદ્દે આજે સંસદમાં ભારે હોબાળો થયો હતો અને કામગીરીને મોકૂફ રાખવાની ફરજ પડી હતી. લોકસભાને દિવસભર માટે અને રાજ્યસભાને પણ મોકૂફ કરવાની ફરજ પડી હતી. ટુજી કૌભાંડના મામલે જીપીસી અહેવાલ અને તેલંગાણાને લઈને હોબાળો થયો હતો. આ ઉપરાંત ભાવ વધારા, ઉત્તરપ્રદેશમાં મુજફ્ફરનગરમાં કોમી હિંસાનો શિકાર થયેલા લોકો માટે સ્થાપિત કરવમાં આવેલા રાહત કેમ્પમાં બાળકોના મોતના મામલે પણ હોબાળો મચ્યો હતો. ભાજપના સભ્યોએ જેપીસીના અહેવાલ મામલે લોકસભામાં ધાંધલ ધમાલ મચાવી હતી. ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડમાં વડાપ્રધાન મનમોહનસિંહને ક્લિનચીટ આપવા સાથે સંબંધિત જેપીસીના અહેવાલ મુદ્દે હોબાળો મચાવવામાં આવ્યો હતો. મુજફ્ફરનગર રાહત કેમ્પમાં બાળકના મોતના અખબારી અહેવાલ બાદ બસપના સભ્યોએ ગૃહની વચ્ચોવચ જઈને આનો વિરોધ કર્યો હતો. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સરકાર સામે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. વાયએસઆર કોંગ્રેસના વડા જગન મોહન રેડ્ડી સહિત સિમાન્દ્રના સાંસદોએ તેલંગાણાની રચના સામે વાંધો ઉઠાવ્યો હતો અને સંયુક્ત આંધ્રપ્રદેશની માંગ કરી હતી. ભારતી નૌકા સેના દ્વારા શ્રીલંકન નૌકા સેનાના જવાનોને ટ્રેનિંગ આપવાનો મુદ્દો પણ ડીએમકેના સભ્યોએ ધાંધલ ધમાલ કરી હતી. જુદા જુદા મામલાઓ પર ધાંધલ ધમાલ જારી રહેતા લોકસભાના અધ્યક્ષ મીરાકુમારે કામગીરી દિવસભર માટે મોકુફ કરી દીધી હતી. રાજ્યસભામાં પણ ધાંધલ ધમાલ જોવા મળી હતી. રાજ્યસભાના અધ્યક્ષ હમિદ અંસારીએ સભ્યોને શાંતિ જાળવી રાખવા વારંવાર રજુઆત કરી હતી પરંતુ તેની કોઈ અસર જોવા મળી ન હતી. રાજ્યસભા અને લોકસભાની કામગીરીને અસર થઈ હતી.

## આમ આદમી પાર્ટી ભાજપને ટેકો નહીં આપે : કેજરીવાલ

નવી દિલ્હી,તા. ૧૦

દિલ્હીમાં રાજકીય અનિશ્ચિતતા યથાવત રહી છે. આ મડાગાંઠ ઉકેલાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે જેથી દિલ્હીમાં ફરી ચૂંટણી યોજાય તેવો તક્ષો તૈયાર થઈ રહ્યો છે. આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે આજે સાફ શબ્દોમાં જણાવ્યુ હતુ કે તેમની પાર્ટી સરકારની રચના કરવામાં ભાજપને કોઈ પણ કિંમતે ટેકો આપશે નહીં. અરવિંદ કેજરીવાલે પક્ષના નેતા પ્રશાંત ભૂષણ દ્વારા કરવામાં આવેલા સૂચનને સ્પષ્ટપણે ફગાવી દેતા હવે દિલ્હીમાં ફરી ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે. કેજરીવાલે કહ્યુ હતુ કે ભાજપને ટેકો આપવાનો કોઈ પ્રશ્ન નથી. તેમણે કહ્યુ હતુ કે પ્રશાંત ભૂષણે ગઈકાલે જે કાંઈ પણ કહ્યુ હતુ તે તેમનો અંગત મત હતો. ગઈકાલે વકીલ અને આમ આદમી પાર્ટીના સ્થાપક સભ્યો પ્રશાંત ભૂષણે કહ્યુ હતુ કે જો ભાજપ અમને એવી



લેખિતમાં ખાતરી આપશે કે તે ૨૯મી ડિસેમ્બર સુધી જનલોકપાલ બિલ પસાર કરશે અને આમ આદમી પાર્ટી દ્વારા આપવામાં આવેલા વચન મુજબ દિલ્હીમાં જનસભા સ્થાપિત કરશે તો અમે ભાજપને ટેકો આપી શકીએ છીએ. અમે પક્ષને ટેકો આપવા વિચારી શકીએ છીએ. જો કે ભૂષણે આજે તેમનું નિવેદન પાછુ ખેંચી લીધુ હતુ અને કહ્યુ હતુ કે કોઈ પણ સંજોગોમાં ભાજપ અથવા કોંગ્રેસને અમે ટેકો આપીશું નહીં. અરવિંદ કેજરીવાલે આજે પોતાના નિવેદનથી રાજકીય ગરમી વધારી દીધી હતી. કેજરીવાલે કહ્યુ હતુકે જે લોકો મુશ્કેલીમાં પોતાને અનુભવ કરી રહ્યા છે તે નેતાઓએ પોતાની પાર્ટી સાથે બળવો કરવો જોઈએ. કેજરીવાલે બીજી પાર્ટીના નેતાઓને અપીલ કરી હતી કે જો તેઓ પોતાની પાર્ટીમાં ગુંગળામણ અનુભવ કરી રહ્યા છેતો તેઓએ તેમની પાર્ટી છોડીને આમ આદમી પાર્ટી સાથે હાથ મિલાવવા જોઈએ. બદલાઈ રહેલા રાજકીય ઘટનાક્રમ અને અગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને કેજરીવાલના નિવેદનને મહત્વપૂર્ણ ગણવામાં આવેછે. તેમની પાર્ટી લોકસભામાં જશે કે કેમ તે અંગે પુછવામાં આવતા કેજરીવાલે કહ્યુ હતુ કે આ અંગે ચર્ચા કરવામાં આવશે. હાલ વર્તમાન સમસ્યા દૂર કરવાની જરૂર છે. દિલ્હીમાં સરકાર બનાવવા માટે તેઓ કોઈ પાર્ટીનું સમર્થન લેશે પણ નહીં અને આપશે પણ નહીં. ભાજપ અને કોંગ્રેસ બંને ભ્રષ્ટાચારી હોવાની તેમણે વાત કરી હતી. કેજરીવાલે કહ્યુ હતુકે દિલ્હીમાં કોંગ્રેસ અને ભાજપને મળીને સરકાર બનાવવી જોઈએ. ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી છે.

## ડિલર કમિશન વધારાતા એલપીજી સિલિન્ડરમાંય ૩.૪૬નો વધારો

નવી દિલ્હી,તા. ૧૦

સ્થાનિક રાંધણગેસ અથવા તો એલપીજીની કિંમતમાં આજે સિલિન્ડરદીઠ ૩.૪૬ રૂપિયાનો વધારો થઈ ગયો હતો. સરકારે ડિલરોને ચૂકવવામાં આવતા કમિશનમાં વધારો કરતા એલપીજી સિલિન્ડરની કિંમતમાંવધારો થયો છે. પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ હતુ કે ડિલરોને ચૂકવવામાં આવતા કમિશનમાં ૧૪.૨ કિલોગ્રામનાપ્રતિ સિલિન્ડર પર ૩.૪૬નો વધારો કરવામાં આવ્યો છે. આની સાથે જ ડિલરોને ચૂકવવામાં આવતા કમિશનની રકમ વધીને ૪૦.૭૧ થઈ ગઈ છે. આની સાથે જ સ્થાનિક એલપીજીની છુટક કિમતમાં પણ વધારો થઈ ગયો છે. કમિશનમાં વધારો કરવામાં આવ્યા બાદ આ બોજ સામાન્ય લોકો પર લાદી દેવામાં આવ્યો છે. વધારો તાત્કાલિક ધોરણે અમલી કરવામાં આવ્યો છે. દિલ્હીમાં એલપીજીની કિંમત પ્રતિ સિલિન્ડર ૪૧૦.૫૦ રૂપિયા છે જે હવે વધીને ૪૧૩.૯૬ થશે. ઓક્ટોબર ૨૦૧૨માં છેલ્લે રાંધણગેસની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. એ વખતે પણ ડિલરોના કમિશનના રેટમાં વધારો કરવામાં આવ્યો હતો જેથી રેટ વધીને ૩૯૯ પ્રતિ સિલિન્ડરથી ૪૧૦.૫૦ થઈ ગયો હતો. બીજીબાજુ પાંચ કિલોના એલપીજી સિલિન્ડર પર ડિલર કમિશન પ્રતિસિલિન્ડર ૧.૭૩ રૂપિયા વધારવામાં આવતા આ કમિશન હવે વધીને ૨૦.૩૬ રૂપિયા થયો છે. દિલ્હીમાં હાલ પાંચ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ૩૯૩ રૂપિયા છે. અધિકારીઓનું કહેવું છે કે પગાર અને અન્ય બાબતોમાં વધારાના અનુસંધાનમાં ડિલર કમિશનમાં વાર્ષિક સુધારો કરવામાં આવ્યો છે. જો કે નોન સબસિડી વાળા સિલિન્ડરના વેચાણ પર ચૂકવાતા ૭૫ પૈસાના વધારાના ડિસ્ટ્રીબ્યુટર કમિશનમાં કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. ૭૫ પૈસાનું કમિશન છે. બિનસબસિડીવાળા એલપીજીની કિંમત દિલ્હીમાં ૧૦૧૭.૫૦ રૂપિયા છે.

## પેટ્રોલ કિંમતમાં લીટરદીઠ એકનો વધારો ઝીંકવા ફરીથી તક્ષો તૈયાર

નવી દિલ્હી,તા.૧૦

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો માટે વધુ એક નિરાશાજનક સમાચાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ રૂપિયા એકનો વધારો કરવાનો તક્ષો ગોઠવાઈ ચૂક્યો છે. આ સપ્તાહના અંત સુધી પેટ્રોલની કિંમતમાં વધારો કરવામાં આવશે. પશ્ચિમ અને ઈરાન વચ્ચે પરમાણુ કાર્યક્રમ મુદ્દે ઐતિહાસિક સમજૂતી થયા બાદ ક્રૂડની કિંમતો સ્થિર થઈ જશે તેવી આશા છતાં વૈશ્વિક તેલ કિંમતોમાં વધારાનો દોર જારી રહ્યો છે આવી સ્થિતિમાં પેટ્રોલની કિંમતમાં વધારો કર્યા સિવાય અન્ય કોઈપણ વિકલ્પ રહ્યો નથી. વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમત હાલમાં બેરર દીઠ ૧૦૮.૫ ડૉલર સુધી પહોંચી ગઈ છે. જે હવે વધીને બેરર દીઠ ૧૧૦ની નજીક પહોંચી છે. વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમતો વધી ચૂકી છે. આ પ્રવાહ ભાવવધારા તરફ સંકેત આપે છે. ઓઈલ કંપનીના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે આગામી સપ્તાહમાં જો રૂપિયો સ્થિર થશે નહીં તો કિંમતો ઉપર વધારે અસર થશે અને પેટ્રોલની કિંમતમાં વધારો કરવાની ફરજ પડશે. આ વધારો લીટર દીઠ એક રૂપિયા સુધી હોઈ શકે છે. પેટ્રોલની કિંમતમાં વધારો લીટર દીઠ ૫૦ પૈસા સુધી ડીઝલની કિંમતમાં માસિક વધારા સાથે કરવામાં આવશે. ઈન્ડિયન ઓઈલ, હિંદુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમ તેલ કિંમતોમાં પ્રવાહના આધાર ઉપર દર મહિને ૧લી અને ૧૬મી તારીખે ભાવમાં સુધારા કરે છે. ૧૬મી નવેમ્બરના દિવસે રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી હોવાના કારણે ૧લી ડિસેમ્બરના દિવસે પણ પેટ્રોલની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. ડૉલર સામે રૂપિયામાં ઘટાડો થયા બાદ પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ ૨૫-૩૦ પૈસાનો વધારો કરવાની સ્થિતિ ૧લી ડિસેમ્બરના દિવસે સર્જાઈ હતી પરંતુ ચૂંટણીને ધ્યાનમાં લઈને કોઈપણ નિર્ણય કરવામાં આવ્યો ન હતો.

### છત્તીસગઢમાં રમણસિંહ ૧૨મીએ શપથ લેશે

## રાજસ્થાન : વસુંધરા રાજેની ૧૩મી ડિસેમ્બરે તાજપોશી

### મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ ૧૪મી ડિસેમ્બરે અન્ય પ્રધાન સાથે શપથ લે તેવી વકી

નવી દિલ્હી,તા. ૧૦

ભાજપના પાંચ પૈકી ત્રણ રાજ્ય રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં સંપૂર્ણ બહુમતિ મળી ગયા બાદ હવે નવા મુખ્યમંત્રીઓની તાજપોશી કરવામાં આવશે. રાજસ્થાનમાં વસુન્ધરારાજેની ૧૩મી ડિસેમ્બરે, છત્તીસગઢમાં રમણસિંહ ૧૨ ડિસેમ્બર અને મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ ચૌહાણની ૧૪મી ડિસેમ્બરે મુખ્યમંત્રી તરીકે તાજપોશી કરવામાં આવશે. આના માટેની તમામ તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. આ સિલસિલાના સંબંધમાં રાજસ્થાનમાં ભાજપના વિધાનસભા પક્ષના નેતા વસુંધરારાજે આજે રાજ્યપાલ માર્ગારેટ આલ્વાને મળ્યા હતા અને સરકારની રચના કરવાનો દાવો કર્યો હતો. વસુંધરા આજે સવારે ૧૦ વાગ્યે રાજભવન પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ વસુંધરા ૧૩મી ડિસેમ્બરના દિવસે મુખ્યમંત્રી પદના શપથ લેશે. રાજેની સર્વસંમતિથી ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. વસુંધરા બીજી વખત રાજસ્થાનના મુખ્યમંત્રી બનશે. આ અગાઉ વર્ષ ૨૦૦૩થી ૨૦૦૮ વચ્ચેના ગાળામાં



વસુંધરા મુખ્યમંત્રી પદે રહ્યા હતા. સિંધિયા રાજ પરિવાર સાથે જોડાયેલા રાજે ૨૦૦૩ રાજસ્થાનમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા હતા. ૨૦૦૩માં રાજે ફરીવાર વિધાનસભાની ચૂંટણીમાં ઉતર્યા હતા અને જેમાં રાજેના નેતૃત્વમાં ભાજપને ૧૨૦બેઠકો મળી હતી. ત્યારબાદ ૨૦૦૮ની ચૂંટણીમાં ભાજપને કોંગ્રેસના હાથે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ભાજપને માત્ર ૭૮ બેઠકો મળી હતી. બીજી બાજુ છત્તીસગઢમાં ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં રમણસિંહ ફરી નેતા તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ૧૨મી ડિસેમ્બરના દિવસે સવારે ૧૧ વાગ્યે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં તેઓ મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે. ત્રીજી વખત ભાજપ સરકારના પ્રતિનિધિ મંડળને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કરાયો નથી. મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ ચૌહાણ ૧૪મી ડિસેમ્બરના દિવસે એટલે કે શનિવારે શપથ લેશે. મુખ્યમંત્રીની સાથે અન્ય કેટલાક પ્રધાનો પણ શપથ લેશે. આ અંગે હજુ કોઈ નિર્ણય કરાયો નથી. ૧૭મી ડિસેમ્બરના દિવસે પ્રધાનમંડળોનું વિસ્તરણ પણ કરવામાં આવશે.

## નવેમ્બરમાં કારના વેચાણમાં ૮.૧૫ ટકાનો થયેલો ઘટાડો

નવી દિલ્હી,તા.૧૦

નવેમ્બર મહિનામાં માંગ ઘટી જવાના કારણે ભારતમાં કારના વેચાણના ૮.૧૫ ટકા સુધીનો મોટો ઘટાડો થતા કાર કંપનીઓમાં નિરાશા ફેલાઈ ગઈ છે. તહેવારની સિઝન બાદ માંગમાં ઘટાડો નોધાઈ રહ્યો છે. વર્તમાન રાજકીય સંજોગો હેઠળ અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકાવાના સંકેત દેખાઈ રહ્યા નથી આવી સ્થિતિમાં સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટો મોબાઈલ મેન્યુફેક્ચર્સનું કહેવું છે કે નવી સરકાર આગામી વર્ષે સામાન્ય ચૂંટણી બાદ રચાઈ ગયા બાદ જ બજારમાં તેજી આવશે. ઓટો ઈન્ડસ્ટ્રીઝમાં તેજી માટેના કારણો હાલમાં દેખાઈ રહ્યા નથી. આંકડામાં જણાવવામાં આવ્યુ છે કે નવેમ્બર મહિનામાં સ્થાનિક પેસેન્જર કારનું વેચાણ ૧૪૨૮૪૯ રહ્યુ છે જે ગયા વર્ષેઆ જ ગાળામાં ૧૫૫૫૩૫ યુનિટ હતુ. એસઆઈએએમના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ એસ સેનનું કહેવું છે કે હાલમાં કાર કંપનીઓ પડકારરૂપ તબક્કામાંથી નીકળી રહી છે. નવેમ્બરમાં વેચાણ ઘટશે તેવી અપેક્ષા ન હતી. જો કે તહેવારની સિઝનમાં પણ માંગ ઓછી રહી હતી.

તેમણે કહ્યુ હતુ કે તહેવાર દરમિયાન ઉંચી માંગ નહીં હોવાના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. કેન્દ્રમાં સામાન્ય ચૂંટણી બાદ નવી સરકારની રચના પછી જ બજારમાં તેજી આવી શકે છે. વર્તમાન સ્થિતિમાં કોઈ ફેરફાર થાય તેવી શક્યતા ઓછી છે. હાલના તબક્કે સરકાર કાર ઉદ્યોગમાં નવા પ્રાણ ફૂંકવા કોઈ પગલા લેવાની સ્થિતિમાં નથી. મારૂતિના વેચાણમાં ૪.૨૨ ટકાનો જ્યારે હ્યુન્ડાઈમાં ૩.૬૬ ટકાનો ઘટાડો રહ્યો છે.

### ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

એક દિવસ દીકરાએ મા-બાપને કહ્યું કે "મને વડોદરામાં સારી કંપનીમાં નોકરીની તક મળી છે. આથી અમે (પુત્ર-પુત્રવધૂ) હવે વડોદરા રહેવા જવાના છીએ."

શું આ કિસ્સામાં દીકરાએ મા-બાપ સાથે રાજનીતિ નથી કરી? નેતા તો રાજનીતિ કરે. કારણ કે એ તેની જગજાહેર અને સ્વીકારેલી પ્રવૃત્તિ છે. દીકરો નોકરીયાત છે, રાજનેતા નથી છતા રાજનીતિ કરે છે.

એક પરિવારમાં મોટા ભાઈને નાના ભાઈએ વાત કરી કે તેની દીકરી માટે અમુક પરિવારના દીકરાની લગ્ન હેતુ વાત ચાલે છે. આ માહિતીના આધારે મોટા ભાઈ પેલા પ્રતિષ્ઠિત ઘર-પરિવારના દીકરા સાથે પોતાની દીકરીનું લગ્ન કરાવવાનું મનોમન નક્કી કરી લે છે. પરંતુ આ માટે યા તો દીકરીપક્ષ અથવા મુરતિયાપક્ષ ઈનકાર કરે એવી બાજી ગોઠવવી પડે. મોટા ભાઈએ નાના ભાઈને મુરતિયા વિશે નકારાત્મક અભિપ્રાય આપીને એની સાથે દીકરીનો સંબંધ બાંધવાનો વિચાર પડતો મૂકવા મનાવી લીધો. બસ, હવે રસ્તો સાફ હતો. મોટા ભાઈએ પેલા મુરતિયા સાથે પોતાની દીકરીનું લગ્ન ગોઠવી દીધું. શું આ રાજનીતિ નથી? ભાઈ તેના ભાઈ સાથે રાજનીતિ કરે એ શું વાજબી છે?

એક તબીબ બીજા તબીબનો બિઝનેસ – પ્રેકટિસ ઓછા થાય યા તો એના દર્દીઓ પોતાની તરફ વળે એ માટે જે કોઈ ફંડા અપનાવે – અજમાવે તેને રાજનીતિ ન કહેવાય? તબીબ કોઈ નેતા નથી, તબીબનું કામ દર્દીનારાયણની સેવા કરવાનું છે. કોઈ છળકપટ કરવાનું નથી. તબીબના સ્વાંગમાં કોઈ નેતાનું કામ કરે તેને શું કહીશું? બીજી તરફ નેતાઓએ તો રાજનીતિ કરવાનું જાહેરમાં સ્વીકારેલું જ છે.

રાજનીતિ એટલે શું? એક સંસ્થાના વડાએ કવિ સંમેલન બોલાવવા માટે એક કવિને આયોજનનું કામ સોંપ્યું અને કહ્યું કે "બીજા કવિઓની સાથે આ કવિને ખાસ નિમંત્રિક કરજો."

હવે આયોજનનું કામ કરનાર પેલી સંસ્થાના વડાએ સૂચવેલા કવિને નિમંત્રિત કરવા માગતા નહોતા. આથી છેલ્લી ઘડી સુધી એ કવિ આવશે એવો જવાબ આપ્યો અને અંતે સંસ્થાના વડાને એવો જવાબ આપ્યો કે "તમે કહેલું એ કવિ તો આપણા કાર્યક્રમના દિવસે ખુબ વ્યસ્ત હોવાથી હાજરી આપી શકે એમ નથી."

કવિસંમેલનનું આયોજન સંભાળનાર કવિને ખબર હોય કે સંસ્થાના આયોજક કંઈ કોઈને પૂછવા જવાના નથી અને જ્યારે પૂછશે ત્યારે કાર્યક્રમ પુરો થઈ ગયો હશે. મોટા ભાગના આવા કિસ્સામાં કાતર ચલાવવી કે બીજાનું પત્તું કાપવું – આવી કામગીરીને રાજનીતિ ન કહેવાય તો શું કહેવાય?

એક કંપની તેની હરીફ કંપનીને તેના નવા પ્રોજેક્ટ – પ્લાન્ટની સ્થાપનામાં હેરાનગતિ કરાવવા માટે પ્રદુષણ, પર્યાવરણ, સ્થાનિક ખેડૂતોનો વિરોધ, પ્લાન્ટની જમીન ઉપર વાંધા-વિરોધ વગેરે મુદ્દાઓ ઉભા કરી – કરાવી હવનમાં હાડકા નાખે તેને શું રાજનીતિ નહીં કહેવાય? ઉદ્યોગપતિ નેતા નથી અને રાજનીતિ કરે છે. જ્યારે નેતા તો રાજનીતિ કરે એ જગજાહેર વાત હોય છે.

**સ્ટોપર :**

રાજનીતિ એટલે પ્રજાનો જનમત બનાવી શકે, બાંધી શકે, એક કરી શકે.

**- સમાપ્ત**

## રાહુલને પીએમ પદના ઉમેદવાર જાહેર કરાશે

નવી દિલ્હી,તા.૧૦

યોગ્ય સમય વડાપ્રધાન પદના ઉમેદવારની જાહેરાત કરાશે તેવા સોનીયા ગાંધીના નિવેદન બાદ કોંગ્રેસમાં હવે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ કોઈપણ સમયે હવે રાહુલ ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરે તેવી ચર્ચા ચાલી રહી છે. એઆઈસીસીના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહ કહી ચૂક્યા છે કે પાર્ટીએ એવી ખાતરી કરવી જોઈએ કે રાહુલને વડાપ્રધાન પદના ઉમેદવાર



તરીકે જાહેર કરવામાં આવે. કેન્દ્રીય ઉર્જા પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયા પણ એવી માંગ કરી ચૂક્યા છે કે રાહુલને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા જોઈએ. જ્યોતિરાદિત્ય મધ્ય પ્રદેશમાં પક્ષની ચૂંટણી પ્રચાર સમીતિના ચેરમેન છે. ચાર રાજ્યોની ચૂંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયા બાદ વહેલી તકે વડાપ્રધાન પદના ઉમેદવારને જાહેરાત કરવા હવે કહેવામાં આવ્યો છે. કેટલાક લોકો રાહુલ ગાંધીની તરફેણ કરી રહ્યા નથી. મનમોહનસિંહને જ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાખવાની હિલચાલ ચાલી રહી છે. કોંગ્રેસ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે કોને મેદાનમાં ઉતારશે તેને લઈને કોંગ્રેસ ભારે દુવિધાભરી સ્થિતિમાં છે.

## વૈષ્ણોદેવી : ટ્રેન સેવા હવે ટૂંક સમયમાં શરૂ થઈ જશે

ઉધમપુર,તા.૧૦

વૈષ્ણોદેવી જતા શ્રદ્ધાળુઓ માટે વધુ સુવિધાઓ સ્થાપિત કરવાની દિશામાં ભારતીય રેલવે અતિ ઝડપથી સક્રિય છે. રેલવે સત્તાવારાઓએ માતા વૈષ્ણોદેવીના બેઝ કેમ્પને શ્રદ્ધાળુઓ સાથે જોડતાં ૨૫ કિલોમીટર લાંબા ઉધમપુર-કતરા ટ્રેક ઉપર ટ્રેનો દોડાવવા માટે સફળ ટ્રાયલની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ટ્રાયલ રન સફળ રહ્યા બાદ હવે આ દિશામાં આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ પણ માહિતી આપતા કહ્યું છે કે ઉધમપુર-કતરા ટ્રેક ઉપર ટ્રેનોના ટેસ્ટ રનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. આમા સફળતા હાથ લાગી છે. નોર્થન રેલવેના જનરલ મેનેજર ડી કે ગુપ્તાએ પણ ટેસ્ટ રન દરમિયાન ૧૪ ડબ્બાની સાથે ખાસ ટ્રેનમાં મુસાફરી કરી હતી. વૈષ્ણોદેવી ધાર્મિક સ્થળ માટેના બેઝકેમ્પ ગણાતા કતરા સુધી સીધી રેલ વ્યવસ્થા ટૂંક સમયમાં જ યાત્રીઓ માટે વાસ્તવિકતા બની જશે. આગામી વર્ષે જાન્યુઆરીમાં કોઈપણ સમયે આનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. અગાઉ સત્તાવારાઓએ ૭મી ડિસેમ્બરના દિવસે ટ્રાયલ યોજી હતી એ વખતે ઉધમપુરથી કતરા સુધી લાઈટ પાવર એન્જિન દોડાવવામાં આવ્યું હતું.

ઉધમપુર-કતરા ટ્રેકને ખોલવા તમામ જરૂરી જરૂરિયાતોની ચકાસણી પણ કરવામાં આવી હતી. ઉધમપુર સ્ટેશન ઉપર પહોંચ્યા બાદ જનરલ મેનેજર દ્વારા અન્ય ખાતરી પણ કરવામાં આવી હતી. નિયમિતપણે ટેસ્ટ રનની ખાતરી કરવાની સાથે સાથે યાત્રીઓની સુરક્ષાની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

તમામ ચકાસણી બાદ જ આ ટ્રેકને યાત્રીઓ માટે ખોલી દેવામાં આવશે. રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે આગામી વર્ષની શરૂઆત સુધી આ સર્વિસ શરૂ થઈ જશે. હજુ સુધી કોઈ નક્કી તારીખની જાહેરાત થઈ નથી પરંતુ જાન્યુઆરીમાં ટ્રેન સેવા શરૂ થઈ જશે તેવી શક્યતા છે.

## વાર્ષિક મહેસૂલની દૃષ્ટિથી આઈઓસી સૌથી મોટી કંપની છે

નવી દિલ્હી,તા.૧૦

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન વાર્ષિક મહેસૂલની દૃષ્ટિએ દેશની સૌથી મોટી કંપની તરીકે ઉભરી આવી છે. ફોર્ચ્યુન ઈન્ડિયા ૫૦૦ની યાદીમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન પ્રથમ સ્થાન પર છે જ્યારે મુકેશ અંબાણીની માલિકીની ખાનગી સેક્ટરની મહાકાય કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વાર્ષિક મહેસૂલની દૃષ્ટિએ બીજા સ્થાન પર રહી છે. ભારતમાં ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓની વાર્ષિક યાદી જારી કરવામાં આવી છે જેમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને તમામને પછડાટ આપી દીધી છે. દેશની ૫૦૦ સૌથી મોટી કંપનીઓની આ વર્ષની યાદી વૈશ્વિક બિઝનેસ મેગેઝિન ફોર્ચ્યુનના ઈન્ડિયન એડિશન દ્વારા તૈયાર કરવામાં આવી છે જેમાં જણાવવામાં આવ્યુ છે કે ટોપ ટેનની યાદીમાં સાત એનર્જી કંપનીઓ છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન પ્રથમ સ્થાન પર છે ત્યારબાદ રિલાયન્સ બીજા સ્થાન પર છે. ભારત પેટ્રોલિયમ ત્રીજા અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ ચોથા ક્રમાંક પર છે. આ વર્ષની યાદીમાં જણાવવામાં આવ્યુ છે કે ગ્રોથમાં ગતિ ધીમી પડી છે. સારા સમાચાર એ છે કે ભારતીય કંપનીઓ મજબૂતી તરફ આગળ વધી રહી છે.